સુધારા તથા વધારા સાથે.

અંબાજીના છંદની ચોપડી.

ભાગ ૧ લો. [આવૃતી બીજી.]

ખેમચંદ મોતીચંદના રચેલા તે છપાવી પ્રસીદ્ધ કરનાર
વીજ્યાશંકર ગણીશંકર.

દોહરો.

અંબા નામે સુખ સંપદા, અંબાનામે નવનીધ;
અંબા દરશનથી પામીએ, સકળ પદાર્થ સીધ.

સુરત.

આ ચોપડી "સુરત ન્યુ સોદાગર પ્રેસમાં" શા૦
દુલભરામ મ્હારાજે છાપી પ્રગટ કરી છે.

સંવત ૧૯૪૯—સને ૧૮૯૩.

કિંમત ૪ આના.

દોહરો.

આદ્ય ધંન પરિબ્રહ્મતૂં, સમરૂં વારમવાર;
આદ્ય ઇશ્વરી અંબિકા, જગત તણો આધાર.—૧
શરણે આવ્યો તાહેરે, મળી વસ્તૂ મૂજસાર;
કીરપા થઈ મા તાહારી, તો છંદ થયા તૈયાર —૨
અમૂલ્ય નામ મા તાહેરૂં, સર્વ સારનો સાર;
સતે સમો જોઇ સમરે, તો બેડો ઉતરે પાર.—૩
ભક્ત જનના આગ્રહથી, છપાવી પાડી બ્હાર;
ઉપજ થશે ચોપડી તણી, તે ખરચાશે ધર્મદ્વાર-૪
સૂરત આમલીરાનમાં, છંદતણા રચનાર;
ભૂલ ચૂક માફ કરજો, અમીચંદ વારમવાર.—૫

५४०८

आद्य शक्ती छंद प्रबंध.

છંદ ૧

પ્રથમ કરૂ પરણામ, નામ લંબોધર દુઃખ ભંજન; નમુ સરસ્વતી ગીરજાનંદન- બને ચઊઆપર અસ્વાર; ધન મન થન બાજે પંજન; લંબી શુંઢ ઉપર શોભે દંતન. જડે દંતપર હીરા અરગજા કેસરકા ચંદન, બના ખુબ રૂપ અતી કુંદન; બીઘન હરણ નામ ઘરસુન સરણમે રાખી દેના દરશણ. નમુ સરસ્વતી ગીરજાનંદન. ૧

કરો કંઠપર સાહે સારદા તમે નીત રક્ષણ, મધુરી વાણી નીકળે તતક્ષણ. અલેક પુરૂષ અવનાશી રૂશી દેવ કરે તારૂ સમરણ, સારદા સદા રેહેજો પ્રસન. આપો સુખ સંપદા સમરતા રીધ શીધ સત બચન; નમુ સરસ્વતી ગીરજાનંદન. ૨

કરી આણંદ ઉલ્લાસ હીલમીલ બેઠે સબ ભગતન, છંદ માજીના ગાવા મગન, બાજે ઢોલ મૃદંગ શોર કરે છાંયા ખુબ ગગન, ગાઊં માં છદ નવી ધરણ. આવી રહેજો સરસ્વતી જીભ્યાએ લાગુ તારે ચરણ; નમુ સરસ્વતી ગીરજાનંદન. ૩

ચૌદ લોક ઓર એકવીશ બ્રહ્માંડ કરે તારૂ રટણ, હરાડે વરણુ કરે મથન. દરશણથી દુઃખ જાએ દલીદ્ર કાયા થાએ પાવન, માહા રાજગીર કહે આજે ધનધન, અમીચંદ કહે સાહે કરો હું આવ્યો તારે સરણ. નમુ સરસ્વતી ગીરજા નંદન -૪

છંદ ૨

સુરત સેહેરના ધીઆ ફળીઆમાં, અંબામાતા બીરાજતી; આરા શુરથી અંબા પધારે ધન ધનનન ધનન ઘુઘરૂ બાજતી. રૂમઝુમ કરતી વી અંબીકા જળહળ ઝોત ઝલકતી હે; કાનમે કુંડળમુગટ બીરાજે શીરછત્ર મણી લળકતી હે; ભમરકટાક્ષ બીરાજે તુમારી હાથચુડી કંગન ખલગતી હે; બાહે બાજુબંધ વેડ વીટી, અંગુઠી હીરેકી ચળકતીહે.

ઝુલણા

તેરી શોભા કયા કહું માને મળે રતનકો હાર;
હીરા માણેક ઝળકી રહયા જેસી બીજલી કરે ચમકાર;
માને પાઊંમે પાએલ અણુવટ વીછવા અદો અદો મુખસે ભજતી; આરા સુરથી અંબા. ૧

ચત્ર ભુજ તારૂં સ્વરૂપ બીરાજે, મમ માયા ખપરવાળી; કરણ ફુલ કાનોમે સોભતાં, લટા છુટી નાગણ કાળી. જમણી બાજુ ગણેસ બીરાજે, દાબી પાસે બહુચરબાલી; સંખન પુરથી આઇ અલબેલી કરે ભકતનકી રખેવાળી.

ઝુલણા

અંબા મારી માવડી. તુને સજ્યા સોળે સણગાર;
નાકેમેં નથની કમર પટો, તેરી નેણોમેં કાલજ સાર;
ચોળી પેહેરી અસમાની, સાડી નાફરવાની બીરાજતી;
આરાસુરથી અંબા પધારે. ૨
ચોકીદાર માના ચાર બીરાજે, પુર્વ દીશા ઇંદ્ર રેહેતા;

પશ્ચમ દશાપર વરૂણ દેવતા, ન્યારે ન્યારે સબકું કહેતા ઉત્તર દશા ધન ક્ષદ્ર કરેલા તે, ધનપુરીમે ઓરે હેતાં; દક્ષણ દશા જમરાજા શાખ રપર, અપે અપે મુખથી કહેતાં.

ઝુલણ

ચોકીદાર માંના ચાર હૈં, રે ભઇઆકે આધીન;
ખેચરી ભુચરી અગોચરી, સબ ન્યારે નામ લો ગીન.
અપ્રમ પાર હે તેરી માયા, સબ ખળખટ તુજકુ ભજતી;
આરા સુરથી અંબા પધારે ૩

શીખર બંધુ માંનુ દેહેર બીરાજે, ધજા ફરકતી દેખો ગગન; બ્રાહ્મણ વેદ ભણે સઉ મુખથી, ચંદી પાઠતો કરને લગન. વીજ્યાશંકર કરે આરતી, સદા સરણુ મે રહે મગન; ઇંદ્રાસનથી અધીક શોભા, છુટા ફુવારા ઉડને લગન.

ઝુલણ

હાંડી તકતાં શોભી રહયા, ઝુમ્મરચારો પાસ;
સુરજ મુખી શલગી રહી, જેસા ચંદ્ર ખીલા આકાશ
ધ્રૂપ ધ્યાંન મીલાવે રાગણી, ગાંતા સારંગી ખુબ ગજતી;
આરા સુરથી અંબા પધારે ૪

કરજોડી માની કરૂ વીનંતી, અપરમપાર તેરી લીલા; નહીં આલેક નહીં બુઢ્ઢા જુવાંન જેસા દેખો પુનેમકા ચંદ્ર ખીલા. માહારાજગીર ઉસ્તાદ હમારે, આંજધન તુમારા દરસણ મીલા; અજબ તરેહકી વાડી તુમારી, ચંપા કેવડા છે પીલા.

ઝુલણા

જુઇ જાઇ સેવતી હેં બટ મોગરો ગુલ હજાર;
સંવત ૧૯૨૬ના, અખાડ શુદ ૭ ભોમવાર;
અમીચંદ કહે દોસ હમારા વીજયાશંકર કરે ભક્તી;
આરા સુરમાં અંબા પધારે. ૫

છંદ ૩

કકા થકી કહુંછું કરજોડી, બત્રીશ હરફમાં સાતેવાર; ખખા ખુસામત કરી કહુમાં. હુ રંકને તારો આધાર. ગગા ગણી રવીવારની સોભા જયાં દેખું ત્યાં લાલમલાલ, ઘઘા ઘણા માણેક મુગટમાં રત્નમણીકે ઝાકઝમાલ. નના નારાએણી બેઠી તખતપર, લાલસાડી પેરીછે રૂપાળ, ચચા ચાચરવાળી ચંડીકા ચત્રભુજી ચીતાને તાલ છછા છાયામાં બેઠો તુમારી; હુનીર્ધનીઓછું નાચાર. ખખા ખુસામત. ૧

જજા જગત જાણે સોમવારે, માજીપેરે સફેત સાળુ;ઝઝા ઝાળ ઝબુકે મોતી, પુનેમચંદ્ર મુખ રૂપાળું. નના નાના વીધના આભુષણ મંગળમું છે પરવાળું. ટટા ટેકજ રાખો હમારી સીંધુરીયા પેર્યો સાળુ ઠઠા થાનકે આવી માજીની સેવક સઉ કરે નમસ્કાર; ખખાખુસામત-૨

ડડા દોડી દુનીઆ સઉ આવે બુધવારના પાનાલીલા, ઢઢા ધર્યાં આભુષણલીલા. ધન ભાએગ દર્શણુમીલા. ણણ મુલ પોખરાજ બ્રહસ્પતી, ગુરૂવારે સાળુ પીળા, તતા નમારી લીલા ભરપુર થયા

ઠીક છંડ આનમીબા; દદા દર્શણુ કરૂં માજીના સેવક સઉકરે નમસ્કાર. ખખા ખુસામત -૩

ધધા ધુનમાં બેઠો તમારી, મૃદંગબાજેછે ચોતાલ નના નમું નવદુગ્રામાને પપાપરેમથી કરૂં સવાલ. ફફા ફીરેમાંની દુવાઇ નવખંડ અંબામાતા દીનદયાળ; બબા બીરાજે હીરો દંતપર સુંદર દેવતાં ઝાકઝમાલ. ભભા ભાનું ખીલી રહયો, મમા માના મુખડાપર તેજ અપાર. ખખા ખુસામત ૪

યાય આદ્ય ભવાની અંબીકા, સદા તમારૂ કરૂં સમરણ; રરા રાખો લાજ હમારી, લલા લાગું માજીને ચરણ. વવા વખુ માના દરશણ, બીન છંદ ગાતું નીત્ય નવી ધરણ. શશા શનીશર રાઉ કેતુ નવ ગરેકરે માનુ સમરણ, સસા સેવક કહે અમીચંદ કે ભવસાગર ઉતારોપાર. ખખા ખુસામત–૫

છંદ. ૪

જુગત જનુંની માતા માડા લક્ષ્મી તારો પરતો દુનીઆમાં. નવાપરામાં તખત તમારૂં લીમડા નીચે દેરામાં. કુવાં અંદર વીસરામ કીઆથા ગંગારામકું હુવા પરસન, બાળક જાણી મન દયા આણી માજી તુમને દીયા દરસન. તાઠ ધુજારી ચડી કંપારી કક્ક. ફુલતો લાગે વરશન, ક્ષમા ક્ષમા સબ કરને લાગે આણંદ હોગએ સબકે મંન

રેકતો.

માને હાથ જોડ વીંનતી કરૂ નમસ્કારે, જીરે.

માજી મુખશે બોલ્યા કાડો કુવાપકી બાહારે, જીરે.
માના વચન શુણીને ભગત હુવે તઈઆરે, જીરે.
કરી સ્તુતી ઘણી માજીકી શીર કર ઉતરે કુવામેં. નવાપરામાં-૧

સંવત ૧૫૧૭ આસો સુદ ૮ મી૦ શુકરવારે, સબ ભગતનકી કરવા રખેવાળ કુવામાંથી નીકળ્યા બહારે. કોઇ કોઇને તો કોઇનો આસરો હમકું તેરા આધારે, નોધારાની તું બેલીછે કર ભગતનકી રખેવાળે.

રેકતો.

તારે દેરા ઉપર લીમડો બીરાજે ઘન ઘોરે, જીરે
ઉડતાં પક્ષીં આવતા કરે ખુબ શોરે, જીરે
બોલે મોર પપઇઆ કોયલ કરે કલ્લોલ. જીરે
અનેક જાતકે પંક્ષી ઉડકર આતે બેઠે લીમડામે, નવાપરામાં-૨

સુરત શેહેરમાં ખબરા પોહોચી સબ લોક દરેસણકું આવે, નાગીએર ઘાટડી ઘીનો દીવો ચડાનેકી ખાતર લાવે. દરસણકર કર પ્રસન હોવે ભગતનકે મનમે ભાવે, આઠ પેર ઓર ચોસેઠ ઘડી માજી તુમારા ગુણ ગાવે.

રેકતો.

માને સણગાર તણો હું હવે કરું વીસ્તારે, જીરે
માને પાઉમેં પાએલ ધુગરૂ કરે ધમકારે, જીરે
માને મુગટ છત્ર ગળેમેં નવ સેરોહારે, જીરે
સોળે સણગાર સજકર બેઠે દરશણ કારણ આયામેં, નવાપરામાં-૩

અપરમપાર હેતેરી માયા અજબ રચી તુમને લીલા, માજી તુમારા સ્વરૂપ બીરાજે, જેસા પુનેમકા ચંદ્ર ખીલા. કસબી કોરની સાડી બીરાજે નવરંગી છે વાગા પીળા, વાડી તણી હું કયા કહું શોભા વરેહ તરેહકા ફુલ ખીલા.

રેકતો.

જુઇ જાઇ સાહેલી બટ મોગરા બીલા, જીરે
ગુલાબ, દાવડી ચંપા કેવડા પીલા, જીરે
ધન ભાગ્ય હમારા દરશણ તુમેરા મીલા, જીરે
માહારાજ ગીર ઉસ્તાદ હમેરા અમીચંદ જપતા તેરા નામે;
નવાપરામાં તખત તુમારા લીમડા નીચે દેરામાં —૪

છંદ. ૫

આયા આસો માસ આશ મને દરશણની તારી, નવ દીવસ નવ રાત્રીમાં સહુને આણુંદ કારી.

પ્રથમ પહેલું નવરાતર આસો સુદ પડવેથીરે; અંગ ઉમંગથી જાએ નહાબ સહુ તાપીકે તીરે. કરી નરનારી સ્નાન ધરી ધાંન, કરે સુધ શરીરે; કોઇ ઘડા કોઇ ઝારી ભરે અંબુ નીરમળ નીરે. માગણુ આવે ગાવે જોગણી કરે વીનંતી તારી; નવ દીવસ નવરાત્રી— ૧

બીજ ત્રીજ આણુંદમે ચાલી ચોથ ગઇ રંગમે, કરે ડાંડા પાંચેમે; ખુશી સહુ ઉમંગછે અંગમે. વાગી રહયા વાજીંત્ર બુગળ ધોલકકે સંગમે; કરે વાઘરી તાલ બજાવે પડે થાપ મૃદંગમેં બાધે ઘુઘરમાળ ઘેરીયા રહયા પગ થમકારી, નવ દીવસ નવ રાત્રી— ૨

કોઇ કરેછે છટના ડાટા કોઇ કરે અપવાસે; સામે સઉ કોઇને તેલાં અંગમાં ઉલાસે. ચાચર ચોકમાં ચાલી દેવી સરૂ ખેલનેકે આસે; બહુચર અંબા ફરેકુદડી કાલી છે પાસે. ફરે જોગણી ચોસેટ ગાએ ગરબા ખુબ ભારી, નવ દીવસ નવ રાત્રી- ૩

આઠેમે ફેરાળ કરે સઉ મંનમાં હરખાતે; ભગત મંડળી કરે ભગતી ગુણ તેરા ગાતે. સુરત સેહરના લોક મળે સઉ દરશણકે આતે, મોદી માલણ બેઠા વેચવા ખાવાના હાટે. અંબાજીને દેરે સુરત ખુબ મચી ધુમ ભારી, નવ દીવસ નવરાત્રી.- ૪

કંઇક ભકત ગુણ ગાએ તમારા છંદ લલકારે, હરકીશનકે વી બીયા શંકર થઇ જાએ તેઆરે. ડાયાભાઇ બોલે રામશંકર કારે ચુનીલાલ પ્યારે, પરશોતમ કે બીજભુખણદાશ છંદજ લલકારે. અમી ચંદ કહે હાથ જોડી સરૂ ભગતી કર તારી. નવ દીવસ નવરાત્રી -૫

છંદ ૬

ચત્ર ભુજીમાં તું, છે આરા શુર વાળી; અંબામાં તારૂ નામ, ખપર ભરવા ચાલી; ચત્ર ભુજીમાતુ.

પગ પાવડી પેહરી તં, કરે ઝાંઝર ઝમકારે;
વાગે ઘુગરૂ ધમધમ, ગળે નવસેરા હારે;
કાને કુંડળ મુગટ શીસ, પંચ રત્ન ચમકારે;
કર કંકણ ચુડો હાથ, નેણોમે કાલજ સારે.

ઝુલણ

હે સોળે સણગાર સજીઆ, થયા સીંગ ઉપર અસવાર ·

હાથ ખપર ત્રીશુળ ધરી, થયા અંબામાં તઇઆર
અદો અદો બોલે મુખથી, મારે દઇત્યો કું ઝાલી.
અંબામાં તમારૂ નામ ખપર ભરવા ચાલી-૧

માર્યા મધુ કૈટમાં તેં, કરી મોહીત મસ્તાને;
મધ્યમ ચરીત્રમાં તેં, લીધા દઇતો કા પ્રાણે;
મહેશાસુર પાપીને; બહુ યુદ્ધે બાણે;
કરી યુદ્ધજ અપરમપાર, કરી માયા નીરવાણુ.

ઝુલ

મહીસાશુર પાડો થઇ ઉભો, ચડી માતાને બહુરીસ;
ખડક લઇ રણમાં ધસ્યા, માએ છેદયુ પાપીનું શીસ.
કરી પુસ્પ વૃષ્ટી દેવતા, ઉભા દેવના દુઃખ, ટાળી;
અંબામા તારૂ નામ-૨

ચંડ મુંડ પાપીને મા, કીધા રણમાં ચુરે;
રકત બીજ રોળ્યો તેં, ઘણા માર્યા અશુરે.
ફરે ત્રીશુળ લઇ રણમાંએ, બળ વાધ્યુ ભરપુરે;
શુંભ નીશુંભ માર્યા તેં, મારી ભેંસાસુરે;

ઝુલ

અસંખ દૈત મારી કરી, માએ કીધા દેવના કામ;
શક્તિ રૂપે તું એક છે, તારા જુદા જુદાછે નામ.
જારે પડે દેવને દુઃખ, તું કરે રખેવાળી;
અંબામાં તારૂ નામ --૩

કરે મન વાંછીતંમા કામ, તુ અંબાં અલબેલી;
ભગતનની રાખો લાજ, તુ આવજે માં વેલી;
મને આશા છે તારી, બીજા સૌને મેલી;
ડાહ્યાભાઈ સમરેમાં; તું સૌનીછે બેલી.

ઝુલ

ચુનીલાલ ભગત માજીના, સદા તેરા ગુણ. ગાએ.
હરકીશન સમરણ કરે, વીજીઆશંકર ભજે અંબાએ;
છંદ કરે અમીચંદ માં, તું છે સૌની વાલી;
અંબામાં તમારૂ નામ.-૪

છંદ ૭

સુણો અલબેલી, અલબેલી કહું તંમને, વીસારો સાંમાટે હમને સુણો અલબેલી.

હસીને બોલો, હે બોલોને દયા આંણી, માજી દાશ તારો જાણી, મુરખ મુઢમતીઓ. છઉ મતીઓ અગ્નાની, કર્યો મનખો સૌ ધુળ. ધાણી; પડયો પર પંચમે, પર પંચમે, લાગ્યો ભમને.

વીસારો સામાટે હમને ૧

કહેણ થવું તમને, તંમનેતો નહીં લાએક, પણ પામને વીસારો છેક, નથી કોઇ માહારે, મારે તો નથી અનેક તું તો રાખ હમારી ટેક પડે સંકટ, સંકટે સમરૂ તમેને.

વીસારો સામાટે હમને--સુણો ૨

પુત્ર તમારો, તમારો છઊં બાલે, જુઓ મેહેર દરસ્ટી પ્રતી

પાજે. કરે ની આજે, આજે લો સંભાળે, કરૂં દરસણ થાઊ નહાલે.
તરૂ ભવસાગર, ભવસાગર જીતુ જમને.

વીસારે સાંમારે હમને-સુણો ૩

ઉભો કરજોડી કરજોડી કરૂ શમરણ, હું તો લાગુ તારે ચરણું
દુઃખ છે મોટું. મોટું છે જરણ મરણ હુ તો આવ્યો તારે સરણ
અમીચંદ કહેછે, કહેછે માજી તમને

વીસારે સામાટે હમને-સુણો ૪

છંદ. ૮

શુણ અંબા મારી માં, કરી તમે સર્વ દેવને સાહે, તમારૂ નામ ગરીબ નવાજે; તમે રખો હમારી લાજે

માએ સજયા સોળે સણગાર, પાઊમે ઘુઘરૂ કરે ધમકાર અણવટ વીછવાકા ખુબ બાહારે, માને ગળે રતનકો હારે. પાટી યાં કાળીગાંઠી ચોળપટી, બાલ બાલ મોતી માજી પોરવતી શીરપર મુગટ કરે ચમકારે નેણોમે કાજળ સારે.

ટેકતો.

ભલા નેણોમે કાજળ સારે,
બની તઈઆરે, થઈ અસવારે,
ભગત હીર ગાજે.

તમે રખો હમારી લાજે. ૧

મહીશાશુર પ્રગટયો જયારે, દેવ બહુ દુઃખ પામ્યાતા તારે થયા પ્રસન જગ આધારી, થયા સીંગ ઉપર સ્વારી, કરી કરો

ધેને રણમાં ધાએ, કરી ટંકાર ઉભા રણ માહે, બની વીકરાળી, મા ખપર ધારી, લઇ ખડકને સેન્યા મારી.

રેકતો.

ભલા લઇ ખડકને સેન્યા મારી,
કરે કલ કારી, જગત આધારી,
ભગત શીર ગાજે.
તમો રખો હમારી લાજે. ૨

થયા સુભ રાજાની સુભ જયારે. દેવતા દુખ પામ્યાતા તારે. કરી ક્રોધ ને બની વીકરાળી. માં ખપર ભરવા ચાલી. રક્ત બીજ કીધો રણમાં ચુર. પડે રૂધીર પ્રગટે અશુર, એવું દેખી કોપ્યા કેંકાળી, માં ફરે રણ મતવાલી.

રેકતો.

માં ફરે રણ મતવાળી
દેતી મા તાળી, અશુર કું ઝાલી.
કીધી રણ પ્રાજે.
તમે રખો હમારી લાજે. ૩

હાથ જોડી કરૂછું અરજ. માજી હું રખું તમારી ગરજ. અંબા માજી કરો રખેવાલે હું તો છઊં તમારો બાલે. હું નીર્ધનીઓ નોધારે. મારાજગીર ગરૂ ગઆ બીચારે, તમે જગતનકે પાલણવાલે, અમીચંદ તમારો બોલે.

રેકતો.

અમીચંદ તમારો બાલે કરે સવાલે.

ટેરો પ્રતીપાલે, અંબામાં આજે.

તમે રખો હમારી લાજે. ૪

છંદ ૯

અંબામાં તારૂ દર્શણ દુર્લભ દર્શણથી દુઃખ ભાગેછે; અરજ કરીમાને રાંસ નમાતું ધન ભાએગ મારૂ આજેછે લખચોર્યાશી ફેરા ફરી મનંપા અવતાર ધરાવ્યોછે; ગુલામ તમારો આવ્યો મુસાફર માયામાં લપટાવ્યો છે. કામ કરોધ મોહ મચ્છર માયા દુરમતાપર ધાયો છે; લોભ લેહેર એક નદીઆ વહેછે ઉસમે જીવ ડુબાયો છે. તમ બીન પાર ઉતારે કોણ મા ભકતન કે શીર ગાજે છે. અરજ કરી માને–૧

કોઇ એક વખત જીવ જાએ ધરમપર માયા પાછી લપટાવેછે આકીન હમારૂ રેહેતુ નથી મારૂં પાપ મને અથડાવે છે. હવે ઉપાએ શું કરૂં માતાજી હમકું કાઇ બતલાવે છે? ચાકર પેડો ચીંતા માહે તું મારો દીલમે બહુ ધભરાયેછે. મારી હકીગત.સઉ તું જાણે ઘટઘટમાં બીરાજે છે. અરજ કરી માને–૨

નામ નીરંજન તું દુઃખ ભંજન નિર્ધન ને ધન આપે છે; વાંજીઆદોશ વાંજીઆનો ટાળી તેને ફરજન આપેછે. ભગત કરેમાં ભગ્વી તુમારી તેને દર્શણ આપે છે; જનમ જનમના પાપ નીવારણ એક પલકમાં કાપે છે. બહુચર બાલી અંબે દયાલી ભગતન કે શીર ગાજે છે. અરજ કરી માને–૩

મારી હકીગત કહી, મમા માયા તુમબીનકોણ મટાવેછે; બ્રહ્મા

શીખ્યું ઇંદ્રને કહીએ તે તારા ગુણ ગાએછે સર્વ દેવના દેવ તમેછો તેરા નામકું ધ્યાએછે. માહારાજ ગીર કહે સત્ય સબ્દને અમર પદને પાવેછે. અમીચંદ કહે છંદ બનાવી તારે હાથ મારી લાજે છેઅરજ કરી માને–૪

છંદ ૧૦

જુઓ માજી હું કહું તે સાંભળો અનુચર અંબા દીન દયાળ, સંકટ દુઃખ મારૂ કરો નીવારણ કરજોડી કહુ તારો બાળ. ભુલ્યા ભટકતા ફીરૂં જગતમેં છોડી અમેરા દેશ બતન, તુમબીન મેરા કોઇ નહીં વાલી જીવ કાયાકો કરે જતન. સતસંગત સુબુધ્ધી આપજો, કરજોડી કહુ સતવચંન. કામ ક્રોધ કબુધ્ધી ટાળજો, નીરમળઅંગ મારૂ કરજો મંન. ઘણું ઘણુ શું કહીએ અંબામાં રાખી ફીકર કરજો રખેવાળ સંકટ દુઃખ મારૂ–૧

બીજી અરજ એક શુણજો અંબામાં રણ મધ્યે આયા અહી, અદગી કરી મારૂં દેણ મટાવી ઝટ પટસે ફીર જાના તહી. મુદત બાંધીને અંબા જગતમેં કીસદીનકી મુજે ખબર નહીં, કરજોડીમાં સવાલ કરૂ માહારા મનના મનોરથ પુરજો મહી. આન અચાનક પડશે કાયા જમ જીવ લઇ જાશે તતકાળ. સંકટ દુઃખ–૨

કીસીદીન મેરા બુરા હાલહે કરજોડી કહુ પાએ પડી, કીસખાતર સબુધ્ધી આપજો તુમકું કયા કહુ ઘડીઘડી. ગર્ભવાસમાં રહી કરીજે વાતો કરીતી બડીબડી, ખુલ્લા બંધ દુનીઆમેં આયા ગફલત માયા જાળ પડી. તારણ તરણ તુમતો જુગમા । તેરા નામકી પકડી હાળ. સંકટ દુઃખ ૩

હવે માઝી મારી ફીકર તમને કરજોડી કહું છું કગાળ, જ શ અપજશ માઝી હવે તમને હું અજ્ઞાની તારોબાળ. જેવી તરેહથી મુખ્ખી આપશો તેવી તરેહથી ચાલીસ ચાલ. તારા ભગતની નીંદા કરશે તે નરકે પડશે ચંડાળ. અમીચંદ કહે છંદ બનાવી કરી કરૂણા સમુખ્ખી આલ. સંકટ દુઃખ-૮

છંદ. ૧૧

જળ બીન તલપે મછલી અંબા માં. દરસણબીન તલપે તેમ નેણ; નેણ નીરખશે નખશીખ છબીમાની, જડ કાયામે હોવે ચેહન ચેહન પડે ચશમોસેં દેખે, ચત્ર ભુજમાં ગુણ ગભીર; બીડ ભાંગો ગો મારી સારદા ભવાની, દરસણ બીન નડ્યા રેહતા ધીર, ધીર ધરે નહી જીવ હમારો, નેત્રથી વહી ચાલે નીર; નીર જમનામે તલપે ગોપીકા કૃષ્ણ કદમ લે બેઠે ચીર. ચીર બીના જેમ તલપે ગોપી, દસણ બીના તલપે તેમ નેણ. નેણે નીરખશે-૧

ચેહેન પડે નહીં દરદીકું તેમ, દરસણબીના મુજ ના સુખ; સુખ સમરણમાં રખુ તુમેરા જેમ ભુખેકી ભાંગો ભુખ. ભુખ રખુ દર સણકી તુમારી, નખ નખસે નીરખું માનું મુખ; મુખભરી ચ સમા સેહેખુ, જડ કાયાકાં જાવે દુઃખ. દુઃખ દુર કરો દીન દયાળી અપે કુંતમ આલો નેણ. નેણ નીરખશે નખશીખ-૨

ચેહેન પડે નહીં ચંચર વાળી, સેવક તમારો કરે ટલવલ; ટલવલ કરી દરશણ માગુ, મારી આશ અચાનક આવશે અફલ. અફલ આવી જડ પડરહે કાયા ઝટ પટસેં દમ ચલા નીકલ; નીકલ ગએ જમ લેગએ બાંધી, મનખા અવતાર જશે અફલ, અફલ. હોય. દરસણથી સફલ

જીઉ અધેકું મીલ આવે નેણુ, નેણુ નીરખસેં નખસીખ-૩

ચેહેન પડે નહી સીતા બીના જેમ, રામચંદ્ર રધુવીરફીરે; ફીરે હનુમાન સોધ નીકાલે કુદી સમુદ્ર લંકામેગીરે; ગીરે હનુમાન અશોક વાડીમેં રામનામદે માહાવીરે; વીરશબ્દ શુણી સીતામાને તતક્ષણુ આવી ધીર; ધીર આવી જોઈ રામ મુદ્રીકા તેમ દરશણુથી સુખ પામે નેણુ; નેણુ નીરખસે.—૪

ચેહેન પડે નહીં તેરા ચાકરકું, લક્ષ ચોર્યાશીકી ફીકર બડી; બડી હકીગત માજી તુમારી, ગફ્લત માયા જાળ પડી. પડી કાયા ફીર લક્ષ ચોરાસી. આ ભવ નકા આવે ઘડીઘડી; ઘડી પળકી ખ બર તુમકું, આવા માજી તમે સીગેચડી, ચડી આવા કહુ જમી ચંદ મા મેહેર દ્રષ્ટાથી મીલાવો નેણુનેણુનીરખસેં નખસીખ છબી માની જદ કાયામેં હોવે ચેહેન-૫

છંદ ૧૨

સાચુ સમરણુ અંબામાનું આ સંસાર સઘળો ખોટો, છે છેછે છે નથીનથીમા જેમાં પાણીનો પરપોટો. કચી કાયા ઘર બાકુતી. પંચતત્વનું થયું તૈયાર, જીવ મુસાફર આવી રહે મોહી અવધ બાંધીને ધર્યા અવતાર. કાયા સેહેરમાં મન સોદાગર પ્રવૃતી નીવૃતી બેનાર, પરવતીના પાંચ પુત્ર કામ, ક્રોધ-લોભ-મોહ-મદ નિર્ધાર. તે પાંચો એ વેપાર કીધો તે વેપારમાં લાગ્યો ટોટો. છે છેછેછે. ૧

તુટી પેટી લુટી કાયા, નથી જમહાનું વાયધું જોર; નાઠી પ્રવૃતી નાઠા પુત્ર પાંચ કામ કરોધ જે ચોરના ચોર, કરનારા તો

ખશીગયા પણ જીવ બાપડો પડયો અઘોર, ચોર કરી જમે બાંધ્યો જીવને માર માર કરી શોરબકોર. પડે મારને રૂદન કરે જીવ નીવૃતી સામુ જોતો; છેછેછેછે ૨

નીવૃતી કહે સુણો રાજા પ્રવૃત્તી તમારી ખશીગઇ, નીવૃતીના પુત્ર ધરયા જે દયા ધરમ હોરદેમેં વસી. તપજપ કરે ધરમધાંન તેને બીજી વાતની નુન્ય કશી; આખર વખતે વેમાન આવ્યું અંબા નામસે ગયો બેશી નીવૃત્તીથી, સ્વંગે ગયો જીવ પ્રવૃત્તીથીરો તોતો છેછેછેછે-૩

પ્રવૃત્તી મારી દુર કરી નીવૃતીનો કરાવજ્યે સંગ, જોબન જુવાની જતી ર શે જેમ ઉડી જાએ ગુલાબીરંગ માહારાજગીર કહે ભુખણુનાશ તેને જીતી જગતમાં કરીસતસંગ. અમીચદ કહે છંદ બનાવી ગીડગીડતાલ બાજેછે મૃદંગ. જનમ લઇ જનુની નહીં જપ્યો કીયું મીથ્યા અવતારછે ખોટો. છેછેછેછે-૪

છંદ. ૧૩

અનેક નામે અંબા ભજુ, મા મુખશે તજુ તારૂં નામ નહીં. સદા શરણમે પાસ રખો મારે તુમ બીના કોઇનું કામ નહીં. એ ચી કાયા જુઠી માયા કોઇ કોઇનો સંસાર નહીં. માત પીતા ઓર બા હબંધ જે પરણી સ્ત્રી નાર નહીં. ધન દોલત ઓર માલ ખજાના-કોઇ કોઇનો પરીવાર નહીં. કામ ક્રોધ મઉ તજો ને પ્રાણી મન કર-વો હંકાર નહીં. ઘટ ઘટ વ્યાપી રહી મંમાયા તેરે બીના સુના ઠામ નહીં. સદા શરણમે પાસ. ચોક. ૧

અંબા મા મારી અરજી શીકારો તુમ બીન કોઇ દાતાર નહીં;

ધન દોલતના સગા સંબધી તેરે બીન કોઇ આધાર નહીં. સકળ વ્યાપી રહી સમાયા તેરા પાયા કોઇ પાર નહીં. મુજ બાળક પર કરજો કરણા, ફીર આપશો અવતાર નહીં. બંદગી કરવા આ દેશ આવ્યો આ કંઇ અમારૂં ગામ નહીં. સદા શરણુમે પાસ. ચોક ૨

મેં ધુનેહગાર બંદગીકુ આયા બંદગી તમારી કરી નહીં. પુરવ જન્મને પાપે કરી મારતી હમારા ફરી નહીં. પર નીંદા પર નારી ભોગવો. ભક્તિ માજીની કરી નહીં. રાગ તાનમે જન્મ ગુમાયા મારી ગરજ કંઇ સરી નહીં. હવે તમારો પાલવ પકડયો છોડુ તમારૂં ધામ નહીં. સદા શરણમાં. ચોક ૩

છોરૂ કછોરૂ થાય માતાજી તુમકું એમ લાયક નહીં. હુ તો તમારો ગુલામ કેવાગો, મને વિસારો છેક નહીં. જીવતાં જશ આપો દુનીઆમે, જાય હમારી ટેક નહીં. હાથ જોડી કહુ સેવક તમારો મારે કંઇ અનેક નહીં અમીચંદ કહે છંદ બનાવી. ચુક તમારૂં નામ નહીં. સદા શરણમાં. ચોક ૪

છંદ ૧૪

પ્રથમ નમુ ગણપતી માત સરસ્વતીનું ધરતાં ધ્યાન, કંઠ વાણ દો બુધ્ધી જ્ઞાન. મા કરૂં મનશુધ્ધો ધરશે આશા માજી તમારે ધામ પ્રથમ જે બોલું તમારા નામ. હે ચરણ શીશ માની છબી નીરખી કરૂ માને સલામ, તેરી ભક્તાસેં કોઇ આરામ. મા હરદીસ તારૂ ધાન ધરી મા કરૂ તારૂ પીછાન, કંઠવાણ દો બુધ્ધી જ્ઞાન. ચોક ૧

મુળસ્થંભથી કહુ માજી હું સૃષ્ટીકા વીસ્તાર, અખંડ જોત નીરગુણ નીરાકાર. ઇચ્છા શક્તિને પ્રગટ કીએ બ્રહ્મા વીષ્ણુ રૂદ્ર તૈયાર.

રૂપ પસ્ટી કીયા ભરથાર. પણ લક્ષ્મી સાવંત્રી ઉમીઆ માતા ત્રીગુણકા માંડણુ; કંઠવાણીદે બુધ્ધી ગ્નાન. ચોક ૨

તેરી માયાકા પાર નહીં બ્રહ્માદીક ભુલજાતા, તેરા કોઇપાર નહીં પાતા. પણ બ્રહ્માવીષ્ણુ રૂદ્ર હુ કંમે તેરા ગુણગાતા સકળ ઘટઘટ મેં ફેલાતા, સ્વર્ગ મૃત્યુ પાતાળ કે ચૌદા ભુવન ધરે તારૂં ધ્યાન, કહવાણીદો બુધ્ધી. ચોક ૩

મે હું તુમેરાદાસ ગુનેગાર બંદગી તેરી કરતા, તેરે ચરણોપર શીશ ધરતા. તેરે સરણમે જે કોઇ રહેવે નહીં કીનસે દરતા; મહારાજગીર તેરા ધ્યાન ધરતા. અમીચંદ કે છંદ બનાવી બજો અંબા જુગજાણ; કંઠવાણીદો બુધ્ધી ચોક ૪

છંદ. ૧૫

અંબા મા મારી વારે ધાજો; આજ જમકી ફોજા છુટી, લેશે જીવ જાશે જમ લુટી. ।। ધંન દોલત સહુ માલ ખજાના રેસે જુગમાઇ; ।। એકીલા જાઉ આખર બાઇ. ।। માત પીતા સહુ કુટંબ કબીલો રહેશે છાનો હાર્ઇ ।। આવે નહીં સંગ સાથ કાંઇ, આખરી વખત અળગા સઉ રેહેશે; કેહશે અહીં છુટી, લેશે જીવ. ચોક ૧.

પડે દુઃખ તે શેશે જીવડા, તગમગ સહુ જોશે; બેઠા દુસકે સગા રોશે, વાહાલાં સગા વીમાસી બેઠા કરમે દઇ દોષે, પૈડો જીવ બોલાયે નહીં મોંસે, ઓંસકોસ જશે ઉડી જીવ રહેશે કાયા સતી. લેશે જીવ. ચોક ૨

અંબામા તારી ગેંગટ નારી, ખબર નહીં પડતી; કોયથી ન થાય તારી ગતી, આખરી વખત અળગા નારશો માતા

મારી શકતી. કરી ભકતી, માંગુ મુકતી; અણુચીંતા અલકારા આવ શે, અદલકી દોરી તુટી.લેશે. ચોક ૩

માયા છોડી જીવ જાશે કાયા, ને દેરો સરવ ખાલી નહી કેમ્પુ તાં જીવનો વાલી. વાહ રે ધાજો અંબા અલબેલી, લેજો સંભાળી અમીચંદ કહે તુંહ તુંહ વાલી. કાયા નગરી ગગરી પાણીકી જાએ જેમ ફુટી. લેશે જીવ જાશે. ચોક. ૪

છંદ ૧૬

સમ રૂડેનો રૂડે અંબામાં તુમ રૂડે સંતાપ હુવા, વમળવશી ના વસીના દેશ જલ ભક્ષ ખાપ હુવા. વમળ વમી નામે એક શ્રાવક બાપ મુવે બેજાર હુવા, તેની માડી પરઘેર, પરઘેર ભરે પાણીના ચાર હુવા. પાચ વર્ષનો વમળ બાળેક દુ:ખીઆ અપરમ પાર હુવા, મોસાળ જઈ વમીઆ, વસીઆ નીર્ધનીઆ નોધાર હુવા. જઈ નીશાળે ભણ્યોનહી કંઈ પેલા જનમના પાપ હુવા. વમળ વસીના—૧

મામા ઘેર જઈ ભાણેજ વસીઆ, ગાએ ચારી ગોવાળ હુવા વમળ વસીના, વસીના માજી એવા હાલ હુવા. એક સમે ગુરૂ ચરણે લાગો ગોર કેહે શ્રાવક બાળ હુવા. તમે સુણો વમળજી, વમળજી કરજો ધરમ તમે નહલ હુવા. વમળ કહે કહેશો તે કરશુ ગુરૂ તમે મા બાપ હુવા. વમળ વસીના ચોક ૨

બારા સુરમાં અંબામાતા વમળ પર પરશાન હુવા, માની મા એ ચરાવી. ચરાતી વમળ તો તનમંન હુવા, સઉસઉની તો ગાયો સોપી વમળ વીચારે મેન હુવા, આ ગાએજ કાની, કોની, કહી અંબા ભુવન હુવા, ગોવાળ જાણી કરી કરૂણા દરશેણુ આપો આપ હુવા,

વમળવસીના-૩

અંબા માતા જગત જનૂની તુ જગુહંજુગ દાતાર હુવા, વમળ વસીકુ, વસીકુ દોલત અપરઅપાર હુવા ગુરૂ કહે બધાવો દહેરા માજીકા આધાર હુવા, જહેં કહ્યુ માજીને, માજીને રંગાવાઈ તૈયાર હુવા, દેરા બાંધી કોણ પરતાપ પુરુસુ, વમળ કેહે ગુરૂ પ્રતાપ હુવા, વમળ વસીના ચોક ૪

એકસો આઠ તો દેરા બંધાવ્યા, આરસ પહાણ ચમકા હુવા, ગુરૂ પ્રતાપ સુણી, સુણી માને ક્રોધ અપાર હુવા, નાસ વમળ કહી છુટી જવાગા દેરા પલંકાર હુવા, મા પ્રતાપ કહને કહને નાઠો વમળ હાહાકાર હુવા. ભુલ્યો માજી મને માફ કરો એ દેરા માજી પ્રતાપ હુવા, વમળ વસીના. ચોક ૫

ગદગદ કંઠે કરે વીનતી હવે માજી મને ભાન હુવા, દુઃખીઆરો જાણી, જાણી તમ થકી આસાન હુવા, મહારાજગીરકુ, ગીરકુ માજી તુમારા ધ્યાન હુવા, અમીચંદ કેહે છ છ હરદ કડી બાંધ માજી પ્રતાપ હુવા. વમળ વસીના ચોક ૬

છંદ ૧૭

અબે ગરીબ નીવાજ આજ તુ મેરી મદદ રેહેના ચાહીએ. સકળ સભામે, સભામે મુજે ધ્યાન દેના ચાહીએ, મેતો ખડા હજુર તુમારા મજુર સાફે કરના ચાહીએ, માજી હમારી, હમારી અરજ કાન ધરના ચાહીએ, મેં કગરૂ કંગાળ તુમારા બાળ દુઃખ હરના ચાહીએ, આદભવાની, ભવાની હમકુ તેરા સરણુ ચેએ, તુમતો માજી આવો હમકું બચાવો, સભાળ લેના ચાહીએ,

સકળ સભામેં સભામે મુજે ધ્યાન દેના ચઇએ, સકળ સભામે ચોક ૨

આવી તમારે ધામ જપુ કૃષ્ણનામ, ગુણગાના ચહીએ; હમકુ માજી, માજી તેરા દરસણ પાના ચઇએ, કોઇ કોઇને અનેક હમારે એક ટેકા આના ચઇએ માજી તુમારે, તુમારે મારી વાર ધાના ચઇએ સંકટ દુઃખમાં, કાપ તમે મા બાપ તમકું કહેના ચઇએ, સકળ સભામે, સભામે-

માન તાનને જ્ઞાન તમોએ, તેરા નામ સાધાના ચઇએ ગુણ ગરભીતું, ગંભીરતું, તેરા મન માના ચઇએ. નોધારાંના ધન તારૂં દરશન દયાલાના ચઇએ, મુજ બાળકપર, બાળકપર, માતુમને ચાહાના ચઇએ મારૂં નથી મા કાંઇ એકલો જોઇ મદા રહેના ચઇએ, સકળ સભામે, સભામે. મુજે ધ્યાન દેના ચઇએ-૩

એ માયાકા સંસાર તેરા આધાર, જસ દેનાચઇએ, તેરા દાસકું, દાસકું તેરે સરણ રહેના ચઇએ, ભીડ પડે ત્યાં આવી અમકું બચાવી ઝટ લેના ચઇએ, માજી અમકું, અમકું સમ્મુખથી દેના ચૈએ અમીચંદ કે છંદ બનાવી અંબે અંબે કેહેના ચૈએ, સકળ સભામે. સભામે મુજે ધ્યાન દેના ચૈએ. ચોક ૪

છંદ ૧૮

આદ શક્તિ મમ માયા અણીક તેરે ચરણે શીશ નમાવીંગે, તેરે નામ સે, નામસેં ભવ સાગર તીરજાવીંગે, લક્ષ ચોર્યાસી ફેરા ફરતા અબ મનખા અવતાર આએ, તુમ સંતોને પ્રાણી, પ્રાણી ભક્તીસે

મુકતી માએ, નવ માસ ઓધરમાં રખા મુજે પકડ ઝકડ કર બંધવાએ,
મેં કરી ત્રપસ્યા, ત્રપસ્યા કરી બંદગી તેરા ગુંણુ ગાએ.

રેકતા.

પ્રાણી ગદગદ કંઠે કરે બીનંતી અપારે. જીરે કરે અપારે,
કરીશ ધરમ ધ્યાન પુન્નદાન આપો અવતારે જીરે આપો અવતારે,
કરીશ તપજપ જીતી જાઊ જગત સંસારે. જીરે જગત સંસારે;
ઊંચે મસ્તકે ધ્યાનધરી તેરે નામકી માળા જપાવીગે. તેરેનામશે.

એસી સરતસેં જનમ્યો પ્રાણી, ખુલ્લ બંધ દુનીઆમેં આએ, માતપીતાસો, પીતાસો કુટંબ કબીલા હરખાએ, તેરી માયાકી જાલપડી સો કહ્યા બચન ઓ ભુલવાએ, જનમ લીઆકે, લીઆકે ઊંચા તું તાબતલાએ.

રેકતા.

મારી બાળ અવસ્થા ગઇ રમતમે. જારે. જીરે, રમતમાં, જારે
ફીર આઇ જુવાની દીલમાં કરૂં વીચારે. જીર, કરે,
ચોરી ચાડી ચુગલી ધુની ભરૂ ભંડારે, જીરે ભરૂં,
પરનારી પરધકું હરતા સો નર ગોથે ખાવીગે.

તેરે નામસે નામસેં ભવ–ર

ગઇ જુવાની આયા બુડાપા થરથર ધુજને લાગ્યું શરીર, નાક ગળે જદ, ગળેજદ નેણોમે સેં વહેતા નીર. અંતકાળકી વખત હુઇ પ્રાણી ઘભરાતે નહી રેહેતી ધીર, જમડા આયા, આયા, લીઆ જીવ પડયું રહ્યુ શરીર.

રેકતો.

જમડા જીવ લઇ જાતા માર મારગમે મારે, જીરે, મારગમાં
ધરમરાજ લેતે હાજરી કરે બીચારે, જીરે, કરે,
ફેરો લક્ષ ચોર્યાસી પીછા ધરો અવતાર જીરે, અવતારે,
જેસા પ્રાણી કરમ કરેગા એસી નસીએત પાવીંગે,
તેરે નામસેં નામસે ભવ-૩

એસી હકીગત હોઇગી હમારી, મંમ માયા સુણલો અરજી તુમજુગ જુગ દાતા, દાતાર ધાન ધરૂં તેરા બહુચરજી. મેતો તમારે દુવાર ખડા આજ સીધ્ધ કામ મેરા કરજી, હું તો તમારી, તમારી કરૂ બંદગી મા છઉં ગરજી.

રેકતો.

મારી મનડા તણી બહુચરમાં પુરજો આશે, જીરે પુરજો,
મા હાથ જોડી માગુછું તમારી પાસે, જીરે તમારી,
માં આખરી વખત નહીં નામત મારૂ દેવાસે, જીરે નહી
કફ આવી મારૂ કંઠ રૂંધસે અભુલ ગફલત ખાવોંગે.
તેરે નામસેં નામસેં ભવસાગર-૪

સંસાર રૂપી સમુદ્ર વેહેતા ઉસમે ડુબે કંઇ તપ ધ્યાની, તેરી માયાં જાળમેં, જાળમે પડે ગફલત કંઈ મુની, ગ્યાની, તારા નામ રૂપી મે હોડી બનાઇ પાર ઉતારો દયા આણી, બુડેકું તરાવો, તરાવો માં ભગતન તારો જાણી.

રેકતો.

માં હાથ જોડી કહુ અરજી મારી સીકારો, જીરે મારી

હું ગાંડો ઘેલો પણ થયા ભગત તમારો, ઓરે ભગત,
નથી કોઇ મારૂ હું નીર્ધનીઓ નોધારો, ઓરે નોધારો.
અમીચંદ કહે છંદ બનાવી તેરે નામકી માળા જપાવીગે.
તેરે નામસે નામસે ભવ—૫

છંદ ૧૯

રહીઆં રહીઆં શું કરે પ્રાણીભર જુવાની તો હોગઇયાં. આવી જગતમાં જગતમાં મનખા અવતાર ખો ગઇયાં. અંબામાતા ભગત તમારા આવી દરશણ કરી ગઇયા. અંગ ઉમંગથી. ઉમંગથી ચરણે શીશ ધરી ગઇયાં. અંતસકરણે લાગી ચરણે અંબા નામ સમરી ગઇયાં. પોત પોતીકા. પોતીકા કારજ તો સરી ગઇયાં. ભાવે કરી નહીં ભજયા માજીને મુખડું જે ન જોગઇયાં આવી જગતમાં. ચોક ૧

દૈત્ય દળ દળ્યું માએ ત્યારે શીંગ પર સ્વાર થઇને ગઇયાં. રાખજો ધીરજ. ધીરજ એમ દેવને કઇ ને ગઇયાં. ખપર ત્રીશુળ બરછી ભાળો બાણ ભાથા લઇને ગઇયાં૦ એઠી રણમાં૦ રણમાં દઇત્યે મરઇને ગઇયાં૦ કંઇ પાપી પાખંડી કપટી પળમે પ્રાણ તો ખો ગઇયાં. આવી જગતમે૦ ચોક ૨

લઇ ચોઢારૂં ખડક માજી, રણમો તો ફરતી ગઇયાં૦ કરી કીલકારી કીલકારી કરી ખપર ભરતી ગઇઆં૦ મધુપાનકરી ભક્ષ કરે મા દૈત્ય સેન હરતી ગઇયાં ફરેમત બાળી૦ બાળી દૈત્ય

ચારા ચરતી ગઇયાં૰ શુભ નિંશુભ મહીસાસુર માર્યો દેવના કારજ હો ગઇયાં આવી ચોક૰ ૩

કંઇક પુરૂષ થઇ ગઆં પ્રથ્વી પર૰ માજી ધુન લાગી ગઇઆં. કશ પ્રસન માને૰ માને વરદાન તો માંગી ગઇઆં૰ ભક્ત મંડળી બેઠી ભગ્તીમાં, વીવાદથી આધી ગઇઆ૰ કઇ આવે વીવાદી૰ વીવાદી આબરૂ ખોઇ, ભાગી ગઇઆ૰ અમીચંદ કહે હાથ જોડી તારી ભગ્તી મા હું મોહો ગઇયાં, આવી જગત૰ ચોક ૪

છંદ ૨૦

સૂર્ય પુત્રી તાપીમાત તમે સાંભળો મારી વાત, રેલે કીધો છે ઉત્તપાત કઇરૂં બળ ભારી, આઇતું પ્રાણપુરથી પાણી દુનિઆ ઉંઘમાં રહી અજાણી તેને લાવી ખેંચી તાણી કીધા તારમ તારી, ૧૯ સેં આગણ ચાલીશે જેઠ વદ તેરશની દીસે રેલ પાડતી આવી ચીસે આપો ઉતારો દીન ચાર, ચાર દીવસ પરોણા રહીશું પાછા આંથી ઉપડી જઇશું જઇને સમુદ્રમાં મળીશું એ તો નક્કીને નીરધાર. તાપી માતા સાંભળી કાને આપ્યા રેલને બહુ માને રહયો સુખે કરો મીજમાને કહે વારંવાર, એવી તાપી તું દયાળી આવે રેલની છોળો ચાલી એતો ફરતી મતબાળીં નહીં કંઇ કરતી વિચાર.

ટેંકતો.

શુણદેવી જોઇ રેલનું પાણી માત ધભરાણી હવે કેમ કરીએ,

શુણદેવી. દડમજલ આવતી રેલને કરતી ગેલ કહાં ઉતરીએ.

શુણદેવી કીનારા ભરપુર વાયધું શૂર શહેરમો ફરીએ. ખાડી કોટડા ભરાઇ રેલ માતા ઉભગાઇ તે તો કોઇથી ન શવાઇ કરે કીલકારી.

આઇવું ખ્રાણપુથી પાણી દુનીઆ ઉંધમાં રહી અજાણી તેને લાવી ખેંચી તાણી કીધા તારમતારી ચોક ૧

રેલ તો વ્યાપી ચોગરદમ મૂકી સૌની સરમ તાપી માતા ખાઇને ગમ બેઠા આધા ખસી. દીઠું વીકરાળ આવતું પાણી, આવી રેલ મે ન જાણી કીનારા કરતી ધૂળ ધાણી પાણી આવે ધસી.

ચૌદ દેશે એતો બારે બજાર, થઇ રહયો હાંહાકાર પાણી ચઢતુ જાય ઢોકાર લોકો રહયા ફસી; જે ઝહાં હતુ તાંનું તાંહે તે તો પાણીમાં કહાં જાએ પાસે હોય તે બેઠા ખાએ, વાતો કરતા હસી.

ટેકો.

શુણદેવી સારા સેહેરમાં ફરે ને ચારો ચરે રેલ છે ભૂખી. શુણદેવી. આવી દુરથી ખાતી નહીં ધરાતી કરતી બહુ દુખી =શુણદેવી રેલ જાયતા નુકસાન ને લેતી જાન નહી કોઇ સુખી. કંઇ ગામ ગયા તણાઇ એની ખબર નહી જણાઇ તળીઆ ઝાટકથી વણાઇ થયા નાચારી; આઇવું બ્રાણપુરથી પાણી. ચોક ૨

સુરત શેહેર ઉભડું ખબલાઇ રક્ષા કરજો અંબા માઇ દુનિયા તમારી કહેવાઇ. કરૂ વીનંતી વારંવાર. રક્ષા કારણ આવો તમે હાથ જોડી કહીએ હમે રેલ માતા હમને દમે હવે આંથી તું ઉગાર.

શકિત રૂપે રહી તું વ્યાપી ગંગા, જમના, તું છે તાપી [illegible]માં વ્યાપી તારી લીલા છે અપાર. રેલે દુઃખી થયા કઇ જન કઇના ખોદા યા ભોવન કંઇતો સોંપી તન, મન, ધન, ગયા છોડીને સંસાર.

ટેકો.

સુણદેવી=જોઇ સૌનું કલપાંતને સાંભળી કાનને રક્ષણ કીધું=શુણદેવી

રેલ પરોણા ગયા કાદવ પડી રહયા જગત સૌ બીધું= શુણદેવી મુબઇથી મદદ મોકલી ઝટ દ્રવ બહુ દીધું. નુકસાન જઇને જે નોધાવે તે તો રૂપિઆ લઇને આવે પૈડા ધરો પણ બંધાવે એવી આયફ્ત ગઇ ભારી આઇવું બ્રાનપુરથી પાણી ચોક-૩

એકવીશ કલપના પુરાણી અરજ સાંભલો દયા આણી કરૂણા કરીએ દાસ જાણી હાથ જોડી કે ભકતન, સુરતની દુનિયાછે દુઃખીઆરી આમ પાણી વારંવારી. એવી આયફ્ત ભારીભારી આવે અણચિંતા ભોવન કણચીંત માત્ર કહુ છું હું બાકી દુઃખ પડે છે બહુ તે તો જાણો તમે સૌ. સુરત છે નિરધન. એવું સમજીને સાહય કરજો, આવી આયફ્તે; ધાવ્ય ધરજો મસ્તાન પરોણા દુર કરજો, કંઇ જીવ પામેછે મરણ.

ટેકતો.

સુણદેવી શકિત રૂપે, તું એકને રાખો ટેક; અરજ કાન ધરજો, સુણદેવી સુરતમે અમીચંદ જોડી, કહે છંદ માને સમરજો

સુણદેવી—સેવકને શરણાંગત રાખી, માં ઝટ કામ સીધ કરજો. તું આદ શકિત, અલબેલી, આયફ્ત વખતે વેહલી વેહેલા તમો થાવો શઉના બેલી કીરપાછે તારી આવ્યું બ્રાણપુરથી પાણી ચોક ૪

છંદ ૨૧

માની વાડી બની ગુલજારે, મહીં ખીલ્યા ફુલ અપારે; સોખસબો ખપરવાળી, કરી યુકતી મયોછે માળી; ભરી કમાન ઉપર જાળી, મોગરાની ખશબો ચાલી.

ઝુલ

તરેહ તરેહના ફુલ ખીલ્યા, તેની બની ઘટા ઘનઘોરે;
નારંગી ગુલબાસ ગલગોટા, ગજ વેલી ખુબ જોરે.
તનમનીઆ ત્રણ પાંખડીઉ, મા બેફકી રહયો ડમરોરે;
નાફરવાની ગુલ્લાલા ખીલે, ખીલી રહયોછે મોરારે.
માએ સજયા સોળે સણગારં, નેણોમે કાજળ સારે; ૧
માની વાડી બની ગુલજાર;—૧

જુઈજાઈ ખીલી ગજવેલી, જાસુન સેવટી ચંપેલી, બીલપત્ર મોહનવેલી, માલતી ખીલી સાહેલી.

ઝુલ

પારજાતીક ધંતુરો તુળશી, બીળપત્ર બીરાજે;
અધથીઓ ઉમરડો કહીએ, તે પણ સોભે આજે;
કેસુડી પદમ કમળ કાળાં, રાખો ભગતની લાજે;
ફુલતણી કહીં શોભા ન જાએ, કરજો ભગતના કાજે.
કહું ફુલજ ન્યારે ન્યારે, ચંપાની હારો હારે;
માની વાડી બની ગુલજારે—૨

બારમાસી બોરીઆ રાતા, દાવદી કરેણા મદમાતા;
સદા ગુણ તમારા ગાતાં, થાય દરશનથી સુખશાંતાં.

ઝુલ

લાલ લીલા પીળાં સફેત કાળાં, પંચરંગ મીલાઉં;
અરે અરે અંબા અલબેલી, સદા તેરા ગુણ ગાઊં.
સમી સફેત કમળ કસુંબો, વાડીમાં સોહાઊં;
જમાલ ગોટા જોઈ હરખે મન માહારૂં, માને શીષ નમાવું

તું છે જગત આધારે, હું કહું મા વારમવારે;
માની વાડી બની ગુલજારે—૩
ખુબ ખીલી વાડી અણમુળે, સુરજ ફુલ વચ્ચે ઝુલે;
છે સુવાવેળના ફુલે મારી અરજ કરો કબુલે.

ઝુલણા

શતપત્ર કમળ કેવડો, બેહકી રહ્યો અપારે;
આપ નીરંજન ઘટમેં રેહેતી, ભમર કરે ગુંજારે.
આવી રહી દાડમ કળી, માને ગળે ગુલાબનો હારે;
ભુખણદાસ ગયે ચુનીલાલ, તે આવ્યા તારે દ્વારે.
અમીચંદ છંદ તઇઆરે, મા કીધો તારે આધારે;
માની વાડી બની ગુલજારે—૪

છંદ ૨૨

સુરત તો સનેહકી મુરત, ઘીઆ ફુલીઆમાં જો રહીયા;
અંબામાનું માનું તખત, દેખી સબ મોહ રહીયાં.
પ્રથમ પોળમાં પેઠો તમારી દરવાજામાં આ રહીયાં;
બાર પગથીયાં, પગથીયાં ચડી સન્મુખ ઉભા રહીયાં.
હાથ જોડી માને શીષ નમાવું. ગુણ તમારા ગા રહીયાં;
કરી દરશન તમારા, તમારા મેરા દીલ હરખાં રહીયાં.

ઝુલણા ભજન રૂપી.

માના મુખડાં ઉપરરે, કોટી કોટી ચંદ્ર તેજ ખીલાં;
કયા કહું તમારી શોભારે, અપરંમપાર રચી લીલા;
મુગટ તમારો હીરે જડયોરે, મહીં પંચ રત્ન પોખરાજ પીળાં.

રેકતો.

કાનોમેં કુંડળ ઝળકી રહયાં, જેસી બીજલી કરેછે ચમકારે;
કાળીગાંઠી પાટીઆ બીરાજે, ગળેમેં નવશેરો હારે
કડાં સાંકળાં બાંહે બાજુબંધ, વેઢ વીંટી કરે ચમકારે;
સુંદર મુખ ઉપર વાળી શોભે, નેણોંમેં કાજલ હો રહીયાં.
અંબામાનું માનું તખત દેખી ૧
પાઉમે પાઅેલ.તોડાં ગંઠોડાં, અણુવટ વીછવાં ગાજી રહીયાં;
છલ્લાં છવીટીઆં, છવીટીઆં છનન છનન બાજી રહીયાં.
ચીણપટી ચમકતી શોભે, શોભે સણગાર સજી રહીયાં;
અંબામાનું માનુ કરી દરશન રાજી રહયાં.

ઝુલા

માની જમણી બાજુરે ગીરજાનંદન ગણેશ ગાજે;
ડાબી બાજુ શંખન પુરીગે, માતા બહુચરા આપ બીરાજે.
મા સુંદર તમારો ઘભારો રે, મહીં ઘનનન ઘડીયાળો બાજે.

રેકતો.

માને ઘભારે ચાર કમાન છે, કમાને કાંગ્રા બારે;
એકેકી કમાને ત્રણ ત્રણ હાંડી. ચારે ખુણે સળગી ચાર.
વચે ઝાડ દીવાલગીરી ફરતી, તકતાની શોભે હારે;
છત્રી જોઇ મારૂં દીલ હરખ્યું, શીર પર તોરા હો રહીયાં.
અંબામાનું માનું, તખત દેખી—૨
બની ઘટા ઘનઘોર દેશામાં, જેજે શબ્દ વરસી રહીંઆં;
સૌ સેવક તમારા, તમારા દરશણકું તરસી રહીઆં;
બ્રાહ્મણ કરે ચંદી પાઠ વેદી વેદ ધુંન સરસી રહીંઆ.
અંબામાને, માને હાથ ચક્ર ફરશી રહીઆં.

ઝુલ

ચાર સેવક છે તમારારે, વારા બાંધી કરે સેવા;
દુરગાશંકર જ્ઞાનીરે. ભાવે નીત ધરે મેવા;
મોતીરામ ને વીજીયાશંકરરે, શોભે છેલ છબીલા જેવા.

રેકતો.

વારા બાંધી સઊ કરે આરતી, ભાવ ધરી તારા દાસે;
ભદ્રશંકર ને છોટેલાલમા ચમર ઢાલે ઉભા પાસે.
નોબત ગગડે ઘડીઆળ વાજે, ભગતનકી પુરે આશે;
લાલુભાઇ ને હરીશંકર મા, તેરે ચરણ દુધ ધો રહીઆં.

અંબામાતું, માનુ તખત દેખી—૩

રંગ મંડપમેં રચી રચના, તાલ મૃદંગ બાજી રહીહાં;
છડે રાગ રાગણી, રાગણી સારંગી ગાજી રેહીયાં.
ઝરમર ઝરમર છુટે ફુવારા, ઇંદ્ર સભા લાજી રહીયાં;
માનુ દરબાર દેખી, દેખી સબ ખળ ખટ રાજી રહીયાં.

ઝુલ

માની વાડી મારે, ચંપા કેવડા ખીલ્યાં અપાર;
જુઇ જાઇ સેવટી નાફરેવાનીરે, બટ મોગરા ગુલહજાર.
ગજવેલી ને ગલગોટારે, ગળે મોતી ચુડનો છે હાર.

રેકતો.

સંવત ૧૯૨૭, માગસર સુદ ૧૫ બુધવારૂં;
માહારાજગીર ને ભુખણદાશ, માં ધ્યાન ધરેછે તમારૂં;
અમીચંદને વીજયાશંકર કહે, કામ કરો માં હમારૂં.
ચત્રભુજ ચંત્યા દુર કરજો, દરશણથી સુખ હો રહીઆં

અંબામાનું, માનું તખત દેખી--૪

છંદ ૨૩

મારી અરજ સુણો અંબામા બહુચર બાળી; મહાલક્ષ્મી મારીમાત કરો રખેવાળી, માનું તખત દેખી રૂડું કે અપરમ પારે. માએ નખશીખ સજ્યા સણગાર ગળે બીચ હારે હાથે કડા સાંકળા રત્ન મણી ઝળકારે, માએ જડી દંતપર રેખ કરે ચમકારે. ઝુમ છનન છનન બાજે પાઉએ પાઅલ ધમકારે, શીર મુગટ છત્ર ઓર નેણમેં કાજલ સારે. દામણી દુલ્લ અકોટી નાકમે વાળી મ્હાલક્ષ્મી.—૧

હું ભુલ્યો ભટકતો આવ્યો તમારે દવારે, માને દંડવત પ્રણામ કરૂં નમસ્કારે. તું આદ શકતી મંમ માયાનો અવતારે, કીયા સ્વર્ગ, મૃત્યુ પાતાળ કે નવ લખ તારે તું નીરધનીઆ નોધારાની આધારે તેં જળ સ્થળે મેરૂ પ્રગટ કીએ સંસારે. બનબનમે બનસ્પતી ખીલ રહી હરીઆલી. માહાલક્ષ્મી—૨.

જીવ જંત પશુ પક્ષીની કરો બરદાસે, તું ઘટઘટ વ્યાપીક આપરૂપ પ્રકાશે. હું અજ્ઞાની અપરાધી તમારો દાસે, જુવો મેહેર દ્રષ્ટી મારૂં પાપ પ્રળેકાર થાશે, તારૂં નામ ગરીબ નવાજ પુરો મારી આશે. કરગરી માગું કંગાળ તમારી પાસે, મારા મનના મનોરથ પૂરોની ખપરવાળી. માહાલક્ષ્મી.—૩

આજ આનંદ ભયો તેરે દરશણુશે, સુખ પાયા, થયુ પાપ નિવારણ નિર્મળ હોગઇ કાયા. કહે માહારાજગીર મોહ મત્સર છોડી માયા, કામ કરોધ તજી તેરે નામસે ધ્યાન લગાયા; સંવત ૧૯૨૬મેં છંદ બનાયા; ભાદરવા સુદ આનંદ ચઉદસે ગાયા. કેહે અમીચંદ મા પાર ઉતારો હાથ ઝાલી. માહાલક્ષ્મી.—૪

ભજન રૂપી છંદ ૨૪

કર સત સંગત મન માજી ભજ; પીએ વીખ પ્યાલા અમરીત તજ
કર સત સંગત મન માજી ભજ.—ટેક.

એ અંબા નામ અમૃત રસ; તે તો પીઈ લે પ્યાલા પ્રેમ આણી મસ; પંચ ઇંદ્રી સ્વાદ છોડો ચડસ; ચલ શીઘો પ્રાણી પડશે લપસ; કર સત ગુરૂ ચરણે લગાદો રજ પીએ વીખ પ્યાલા.—૧.

એક ચીત મનધર અંબાનુ ધ્યાન; કર પરખ નીરખ અંબા પીછાન હીરા રત્ન મણી અંબાને જાણ; બીજુ સર્વ ગણ પથ્થર સમાન; ભજ અંબા નામ રાખી ગરજ; પીએ વીખ પ્યાલા—૨
સંસાર સેહેલ માયાની જાળ, તેને મોંહીમોહી કેમ આણે વહાલ;
નહીં આવે સાથ કોઈ અંતકાળ, મુક કથીર પ્રાણી કંચનને ઝાલ;
કહા ભુલે પ્રાણી મનડાં સમજ, પીએ વીખ પ્યાલા.—૩.

તું તો સમજ મન કરલે કબુલ, એ માયા જાળ આખર ધુળ; રેહેશે વાસ જાસે કરમાઈ ફુલ; કહે અમીચંદ શુણજો અરજ પીએ વીખ પ્યાલા-૪

છંદ ૨૫

તુંજે નમુ ચરણ, આયા શરણ, બીઘન હરણ દુઃખ ટાળો તુમ; તુંજે નમુ આજ, રખો મેરી લાજ, શીઘ કરો કાજ દુઃખ ટાળો તુમ. આયા તેરે ધામ, શીઘ્ઘ કરો કામ, મુલકો પર નામ, કરતી હું તુમ; ચુની ચમકાર, ગલેમેં હાર, સોળે સણગાર, ધરતી હું તુમ. દેખી તેરા મુખ, હો જાવે સુખ, મેરે તનકે દુઃખ હરતા હેં તુમ; જપુ તેરા નામ હોવે આરામ, શીઘ્ઘ કરવા કામ, ફરવી હે તુમ.

રેકતો.—શીઘ્ઘ કરી ભગતનકે કાજે, શીંઘ શબ્દ રણ તુરી બાજે.
અસંખ દહીત્વ કર દીએ પ્રાજે.
દુશ્મનકુ માર, કરતી પોકાર, કર ધરી હથીઆર, લઈ ભાલો તુંમ; તુજે.

દુશ્મનકુ દુર; કીયા ચુર ચુર; અસંખ અસુર માર માજી તુંમ.
કીયા કરૂ બીસ્તાર; નહી આવે પાર; બન કર અસ્વાર ધાઇ માજી
તુંમ. સત્રુકુ માર; કીઆ તારમતાર; દેરા મોંઝાર, બીરાજી તુંમ.
પાએલકા બહાર; ઘુઘરૂ ઘમકાર; સબ સજી સણગાર મેરી માજી તુમ.

રેકતો.

જળહળ તારી જોત ઝળકતી, દામણી દુલ અકોટી લકકતી;
દો દતન પર ચુની ચળકતી.
તુંમ દીન દયાળ, કરો પ્રતીપાળ, હું તારો બાળ હાથ ઝાલો તુમ.
તુજે નમુ આજ.—૨

સંસાર ખાંડેકી ધાર, ઉતારો પાર; માજી હાથ ઝાલી તુમ
મીથ્યા સંસાર, સબ પરીવાર; કયા કરૂં વીસ્તાર મતબાલી તુંમ.
બાહાબંધ માત, બેહેન તરીઆ તાત નહીં આવે સાથ મેરી વાલી તુમ
કળજુગમે આજ, શકતીકા રાજ; સીદ્ધ કરને કાજમાં ચાલી તુમ.

રેકતો.

બાળાપણુ રમતમે ગુમાઇ, ચડા જોબન જુવાની આઈ;
કામ કરોધ મમતામે ગુમાઇ.
અબ ધરૂં તેરા ધ્યાન, મુજે મીલો આણ;
મુજકું આશાન, અબ આલો તુંમ. તુજે નમુ આજ—૩
મેરી અંબેમાત, જપુ તેરા જાપ; મુજે બુદ્ધી આપ કકાળીતુંમ
ચોસંટકુ પ્રણામ, સબકુ વરણામ; રહયાં શીષ નામ મતબાલી તુંમ.
કરજોડી પાસ, ઉભો તેરો દાસ; પુરો મેરી આશ ખપ્પરવાળી તુમ.
હોજા પ્રસન્ન, દેના દરશન; મેરાહરબીચન બહુચરબાળી તુંમ.
રેકતો. એક ચીતસેં તેરા ધ્યાન લગાઊં, આઠ પેહેર તેરા ગુણ ગાઊં;
ભગતી કીએ બીન કહાં ફળ પાઊ, કેહે અમીચંદ, માજીકા છંદ;
સદા રહે, આનંદ સબ ગાળો તુંમ તુજે નમુ આજ.—૪